જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૪/૦૭/૨૦૧૮ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૦૭/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૨૦૯ લીટર દેશી દારૂ, ૬૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૬૭ બિયર ટીન, ૨ રિક્ષા અને ૩ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૫૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૦૮/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૪૦૯/૧૮

**ખોખરાઃ** પિનાકીન હર્ષદરાય કિનારીવાલા (ઉ.વ.૬૪) (રહે. મહેન્દ્રકુંજ સોસાયટી ગાયત્રી ડેરી પાસે ખોખરા) એ તા.૨૩/૭/૧૮ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા. ૧૧/૦૬/૧૮ સવારના ૯/૦૦ થી ૧૦/૨૦ વાગ્યા દરમ્યાન આરોપી મોબાઈલ નંબર ૭૦૯૧૮૨૮૬૭૮ ના ધારકે પીનાકીન કિનારીવાલાને ફોન કરી પિનાકીન કિનારીવાલાના બેંકના ખાતાના ડેબીટ કાર્ડ નંબર તથા ડેબીટ કાર્ડનો નંબર તથા ઓ.ટી.પી. નંબર જાણી લઈ યુનિયન બેંક તથા એસ.સી.આઇ.બી.બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૮૭,૮૯૯/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જે.ઝાલા ચલાવે છે.

**ઇસનપુરઃ** રસરાજ અંબાલાલ કોષ્ટી (ઉ.વ.૪૫) (રહે. લલીતા સોસાયટી એચ.એલ.પટેલ હોલની બાજુમા લોટસ સ્કુલ પાસે ઇસનપુર) એ તા.૨૩/૭/૧૮ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા. ૭/૬/૧૮ થી તા.૧૧/૬/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન ઈસનપુર દેનાબેન્ક શાખામાંથી અજાણી વ્યક્તિએ રસરાજ કોષ્ટીના ખાતામાંથી ઈન્ટરનેટના માધ્યમથી PAYTM તથા One 97 Communication દ્વારા કુલ રૂપિયા ૭૦,૦૦૦/- ઉપાડી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.એમ.પટેલ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૪૧૦/૧૮**

**નરોડાઃ** સુનિતાબહેન શશિપાલ સુથાર (ઉ.વ.૪૦) (રહે. ઉમા પાર્ક સોસાયટી કુબેરેશ્વર મહાદેવ મંદિરની સામે, સૈજપુર બોઘા, કૃષ્ણનગર) તા.૨૩/૭/૧૮ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે નરોડા પાટિયાથી નરોડા બેઠક તરફ આવતા રોડ ઉપર આવેલ નેશનલ હેન્ડલુમ સામેથી પતિ સાથે મોટર સાયકલ પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગની પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો સુનિતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુનિતાબહેને સુથારે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.ડાભી ચલાવે છે.

**નિકોલઃ** સુરેશભાઇ માધાભાઇ દેસાઇ (રહે. નંદબાગ બંગલોઝ શ્રીનાથ પાર્ટી પ્લોટની બાજુમા નિકોલ) તા.૨૩/૭/૧૮ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે દેવસય ફ્લેટના દરવાજા નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો સુરેશભાઈ દેસાઈના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુરેશભાઈ દેસાઈએ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૧૪૧૧/૧૮**

**રામોલઃ** અસ્તરબહેન ફિલીપભાઇ પરમાર (ઉ.વ.૨૯) (રહે. સુખશાંતિનગર સીટીએમ રામોલ) એ બિમારીથી કંટાળી તા.૨૩/૭/૧૮ સાજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભીખુભાઇ ભલાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.